


# ગાંધીનગર સમાચાર


Gandhinagar વર્ષ : (૩૧) અંક નં. ૧૫૪ ૧૩ ઓગસ્ટ, ૨૦૧૬, શનિવાર ; શ્રાવણ સુદ - ૧૦ પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦


# પીઓકે ભારતનું અભિન્ન અંગ છે અને રહેશે : પ્રધાનમંત્રી

## સર્વપક્ષીય દળોની બોલાવવામાં આવેલી બેઠકમાં ગૃહમંત્રી રાજનાથસિંહે કહ્યું પાક પ્રધાનમંત્રી શરીફને કાશ્મીર મામલે જનમત કરાવવો છે દુનિયાની કોઈ તાકાત ભારતને કાશ્મીરથી અલગ નહીં કરી શકે

નવી દિલ્હી, તા.૧૨

કાશ્મીર મામલે આજે વડાપ્રધાન નરેન્દ્ર મોદીની અધ્યક્ષતામાં બોલાવવામાં આવેલી સર્વપક્ષીય બેઠકમાં વડાપ્રધાને સ્પષ્ટ શબ્દોમાં કહ્યું કે પાકિસ્તાન અધિકૃત કાશ્મીર (પીઓકે) ભારતનું અભિન્ન અંગ છે. વડાપ્રધાનની અધ્યક્ષતામાં બોલાવવામાં આવેલી બેઠકમાં વડાપ્રધાને કહ્યું કે પોક એ ભારતનું અભિન્ન અંગ છે અને કાશ્મીર સમસ્યાનો ઉકેલ પીઓકેના લોકોને સામેલ કર્યા સિવાય શક્ય નથી. તેમણે એમ પણ કહ્યું કે જમ્મુ-કાશ્મીરમાં તાજેતરમાં બનેલી ઘટનાઓ અંગે અન્ય ભારતીયોની જેમ મારા હૃદયમાં પણ ખૂબ ઉંડુ દુઃખ છે. મને પણ ત્યાંની જે પરિસ્થિતિ છે તેને લઈને ત્યાં અભ્યાસ કરી રહેલા બાળકો અભ્યાસ કરી શકતા નથી. સફરજનના ઉત્પાદન કરવાવાળા બજારો સુધી જઈ શકતા નથી. દુકાનદારોનો વ્યવસાય પણ ઠપ થઈ ગયો છે અને સરકારી લોકો પણ ત્યાં પોતાની કચેરીઓમાં કામ કરી શકતા



નથી. આ પરિસ્થિતિમાં સૌથી વધુ ત્યાં રહી રહેલા ગરીબ લોકો દુઃખી છે. વડાપ્રધાનની અધ્યક્ષતામાં બોલાવવામાં આવેલી સર્વપક્ષીય બેઠકમાં ગૃહમંત્રી રાજનાથસિંહ સમેત તમામ દળોના પ્રતિનિધિઓએ ભાગ લીધો હતો. આજની બેઠકમાં કાશ્મીર મામલે જે ચર્ચા થઈ તેમાં ગૃહમંત્રી રાજનાથસિંહે તાજેતરમાં બનેલી ઘટનાઓ અંગે પાકિસ્તાનને જવાબદાર ઠેરવતા કહ્યું છે કે ત્યાં જે કઈપણ બની રહ્યું છે તે ઘટનાઓને પાકિસ્તાનનું પીઠબળ છે. જમ્મુ-કાશ્મીરના મુદ્દા પર પાકિસ્તાન સાથે વાતચીત કરવાનો પ્રસ્તાવને ફરીથી

● અનુસંધાન પાન-૭ પર

## પ્રધાનમંત્રીનું રાજકીય પક્ષો સમક્ષ કાશ્મીર નીતિ મામલે સ્પષ્ટીકરણ

### કાશ્મીરના નવ યુવાનોને આર્થિક પ્રવૃત્તિઓ સાથે જોડાશે

નવી દિલ્હી, તા.૧૨

સર્વપક્ષીય દળોની કાશ્મીર મામલે આજે બોલાવવામાં આવેલી બેઠકમાં વડાપ્રધાને ઉપસ્થિત એવા તમામ રાજકીય પક્ષોના અગ્રણીઓને કાશ્મીરની નીતિ અંગે કેટલાક ચોક્કસ નીતિ વિષયક તથ્યો અંગે જાણ કરી હતી. વડાપ્રધાને કહ્યું કે કાયદો અને વ્યવસ્થા જાળવી રાખવા માટે કોઈપણ સરકારની જવાબદારી હોય છે અને આતંકવાદી પ્રવૃત્તિઓ સામે કોઈ પ્રકારની સમજૂતિ નહીં કરાય. તેમણે કહ્યું કે લોકશાહી પરંપરા મુજબ સિવિલ સોસાયટીઓના લોકોને આ મામલે જોડી અને પ્રોત્સાહિત કરવામાં આવશે. લોકશાહીની પરંપરા મુજબ રાજકીય પ્રક્રિયા આગળ વધારીને ખીણ પ્રદેશમાં શાંતિ સ્થાપવા માટે ત્યાંના નવયુવાનોને સક્રિય આર્થિક પરિસ્થિતિઓ સાથે જોડવામાં આવશે. જે રાજ્યોમાં જમ્મુ-કાશ્મીરના લોકો રહી રહ્યા છે તે ચાહે કોઈપણ ધર્મ કે કોમના કેમ ન હોય તેમનો સંપર્ક કરી કાશ્મીરમાં રહી રહેલા તેમના સબંધીઓ સાથે તેઓ તેમને સાધેલા વિકાસની માહિતી આપી શકે તેવું વાતાવરણ ઉભું કરાશે. આ ઉપરાંત તેમણે કહ્યું કે દેશની અખંડતા અને એકતાની બાબતમાં ક્યાંય કોઈપણ પ્રકારની સમજૂતિ નહીં કરાય.

## ઉત્તરપ્રદેશમાં પ્રિયંકાએ કોંગ્રેસની બાગડોર સંભાળી

### પહેલી યાદીમાં સંભવિત ૮૦ ઉમેદવારોના નામોને પણ પ્રિયંકા વાઢરા દ્વારા મંજુર કરાયા



લખનૌ, તા.૧૨

કોંગ્રેસ અધ્યક્ષ સોનિયા ગાંધીની નાદુરસ્ત તબિયતની વચ્ચે તેમની પુત્રી પ્રિયંકા વાઢરાએ ઉત્તરપ્રદેશમાં પાર્ટીનું નેતૃત્વ સંભાળ્યું છે. ઉત્તરપ્રદેશમાં આવનારા સમયમાં આવી રહેલી વિધાનસભાની ચૂંટણીનેઓને ધ્યાનમાં રાખી કોંગ્રેસની

● અનુસંધાન પાન-૭ પર

## અમેરિકી એરપોર્ટ પર શાહરૂખની અટકાયત : બે કલાક બાદ છુટકારો

### શાહરૂખખાને સોશિયલ મિડિયા ઉપર આ અંગેની માહિતી આપી સાથે સાથે નારાજગી વ્યક્ત કરી ઉગ્ર રોષ ઠાલવ્યો

મુંબઈ,તા.૧૨

બોલિવુડના સુપરસ્ટાર અભિનેતા અને વિશ્વની ટોપ સેલિબ્રિટીમાં સ્થાન ધરાવતા શાહરૂખખાનની ફરી એકવાર અમેરિકી એરપોર્ટ પર અટકાયત કરવામાં આવતા સનસનાટી મચી ગઈ હતી. અમેરિકાના લોસ એન્જલસ એરપોર્ટ પર ઈમિગ્રેશન ડિપાર્ટમેન્ટ દ્વારા તેની અટકાયત કરવામાંઆવી હતી. ત્યારબાદ પુછપરછ પણ કરવામાંઆવી હતી. જો કે ત્યારબાદ તેનેં મુક્ત કરી દેવામાં

● અનુસંધાન પાન-૭ પર





વિજય વિશ્વ તિરંગા પ્યારા - આગામી સોમવારે આવી રહેલા સ્વાતંત્ર દિનની ઉજવણી માટે બજારમાં વિવિધ સાઈઝના ખાદીના તિરંગા આવી ગયા છે.ખાદીગ્રામ ઉદ્યોગ સાથે સંકળાયેલા સૂત્રના જણાવ્યા અનુસાર સ્વાતંત્રદિને અમદાવાદીઓ રૂ.૭થી ૮ લાખના તિરંગા ખરીદી તેમનો દેશપ્રેમ વ્યક્ત કરે છે.દક્ષિણ ભારતમાં આવેલા, ખાદીગ્રામોદ્યોગ માન્ય એકમોમાં તૈયાર થયેલા ખાદીના મોટા અને નાના રાષ્ટ્રધ્વજ આજે સરકારી ક્ચેરીથી લઈ ઘર અને કારની શોભા પણ બની જાય છે. તસવીરમાં ખાદીનો વિરાટ રાષ્ટ્રધ્વજ વેચાણ માટે તૈયાર કરાઈ રહ્યું છે. (જીએનપી)

## સત્રના પ્રથમ દિવસે વિધાનસભા અધ્યક્ષ-ઉપાધ્યક્ષની ચૂંટણી થશે

### વિધાનસભાનું ટૂંકુ સત્ર ૨૨મી અને ૨૩મી ઓગસ્ટે યોજાશે

ગાંધીનગર, તા. ૧૨

આગામી ૨૨મીથી શરૂ થતા વિધાનસભા સત્રના પ્રથમ દિને અધ્યક્ષ અને ઉપાધ્યક્ષની ચૂંટણીની પ્રક્રિયા હાથ ધરવામાં આવશે અને અધ્યક્ષની વરણી કરવામાં આવશે.

આ અંગેની વિગતો આપતા ભાજપ પક્ષના મુખ્ય દંડક પંકજ દેસાઈએ જણાવ્યું હતું કે ૨૨મીથી વિધાનસભાનું બે દિવસનું સત્ર મળનાર છે. બેઠકના પ્રારંભે વિધાનસભા અધ્યક્ષની ચૂંટણી પ્રક્રિયા હાથ ધરવામાં આવશે અને અધ્યક્ષની વરણી કરવામાં આવશે. ત્યારબાદ સ્વર્ગસ્થ સભ્યોને શ્રદ્ધાંજલિ માટે શોકદર્શક ઉલ્લેખ પ્રસ્તાવો રજુ કરાશે.

૧૫ મિનિટના વિરામ બાદ ફરી ગૃહ મળશે જેમાં વિધાનસભાના ઉપાધ્યક્ષ પદની ચૂંટણીની પ્રક્રિયા હાથ ધરામાં આવશે. તેમણે જણાવ્યું હતું કે પ્રથમ દિવેસ જી.એસ.ટી. બીલ ગૃહમાં દાખલ કરવામાં આવશે અને બીજા દિવસે તેના પર ચર્ચા હાથ ધરવામાં આવશે.

વિપક્ષે વિધાનસભાનું સત્ર ટૂંકુ બોલાવવા અંગે કરેલા આક્ષેપો અંગે પુછાયેલા એક પ્રશ્નના ઉત્તરમાં તેમણે જણાવ્યુ હતું કે વિધાનસભા અધ્યક્ષની ચૂંટણી મહત્વની હોઈ સત્ર બોલાવાયું છે. અન્ય કોઈ કામકાજ ન હોઈ સત્ર ટૂંકુ બોલાવાયું છે.

તેમણે જણાવ્યું હતું કે સત્ર શરૂ થાય તેના આગલા દિવસે ૨૧મીએ સાંજે ભાજપ વિધાનસભા પક્ષના ધારાસભ્યોની બેઠક મળશે. જેમાં મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણી અને નાયબ મુખ્યમંત્રી નીતિનભાઈ પટેલનું સન્માન કરવામાં આવશે.

## સંસદીય સચિવોની નિમણુંકમાં નવો વિક્રમ

ગુજરાતમાં આજે વધુ ૩ સંસદીય સચિવોની નિમણુંક સાથે રૂપાણી સરકારે રાજ્યમાં સૌથી વધુ સંસદીય સચિવોની નિમણુંકનો વિક્રમ સર્જ્યો છે. રાજ્યમાં હજુ ૮ સાંસદીય સચિવોની નિયુક્તીના અહેવાલોની શાહી સુકાઈ નથી ત્યાં આજે વધુ ૩ સંસદીય સચિવોની નિયુક્તી કરવાનો નિર્ણય લેવાયો હતો અને તાબડતોબ તેમની શપથવિધિ સમારોહ પણ યોજી દેવામાં આવી હતી. આટલી મોટી સંખ્યામાં નિમાયેલા સંસદીય સચિવોની નિયુક્તીએ રાજકીય વિવાદ પણ ઉભો કર્યો છે. દિલ્હીમાં સંયુક્ત સચિવોની નિમણુંકના બાબતમાં વિરોધ કરનાર ભાજપના મોડલ સ્ટેટ ગણાતા ગુજરાતમાં આટલી મોટી સંખ્યામાં સંસદીય સચિવોની નિયુક્તી કરવા પાછળ વહેલી ચૂંટણી આવી રહી હોવાની ગણતરીઓ પણ રાજકીય વર્તુળોમાં ચર્ચાઈ રહી છે. દરેક જ્ઞાતિને પ્રતિનિધિત્વ આપવામાં આવ્યું છે. દરમ્યાન રાજ્ય સરકારે હવે સંસદીય સચિવો પછી કેટલાક બોર્ડ-નિગમોની નિયુક્તી માટેની કવાયત પણ હાથ ધરી છે. જે એકાદ સપ્તાહમાં હાથ ધરવામાં આવશે તેમ જાણવા મળેલ છે.

## ૧૦ સનદી અધિકારીઓ બદલાયા

### એમ.એસ. ડાગુરને નવા ગૃહ સચિવ બનાવાયા, તનેજાને ઉદ્યોગ-ખાણ વિભાગમાં ખસેડાયા

ગાંધીનગર, તા. ૧૨

રાજ્ય સરકારના સામાન્ય વહીવટ વિભાગે ૧૦ જેટલા ઉચ્ચ સનદી અધિકારીઓની બદલીના હુકમો આજે મોડી સાંજે જારી કર્યા છે. રાજ્ય સરકારના સૂત્રોના જણાવ્યા મુજબ વધુ પારદર્શક વહીવટ માટે બદલીના હુકમો કરાયા છે.

| નામ | હાલની જગ્યા | નવી જગ્યા |
|---|---|---|
| પી.કે. તનેજા | અધિક મુખ્ય સચિવ ગૃહ | અધિક મુખ્ય સચિવ ઉદ્યોગ-ખાણ વિભાગ |
| અરવિંદ અગ્રવાલ | અધિક મુખ્ય સચિવ ઉદ્યોગ-ખાણ | અધિક મુખ્ય સચિવ વન-પર્યાવરણ |
| એમ.એસ. ડાગુર | અધિક મુખ્ય સચિવ વન-પર્યાવરણ | અધિક મુખ્ય સચિવ ગૃહ |
| એ.કે. રાકેશ | સી.ઈ.ઓ. મેરીટાઈન બોર્ડ | અગ્ર સચિવ ઉદ્યોગ વિભાગ |
| વિપુલ મિત્રા | અગ્ર સચિવ બંદર-વાહનવ્યવહાર | અગ્ર સચિવ વાહન-વ્યવહાર |
| મુકેશ પુરી | અગ્ર સચિવ નર્મદા-પાણી પુરવઠા કલ્પસર પ્રભાગ | સીઈઓ મેરીટાઈમ બોર્ડ |
| અનિલ મુકીમ | અધિક મુખ્ય સચિવ આરોગ્ય-પરિવાર કલ્યાણ | અધિક મુખ્ય સચિવ નાણાં |
| જે.પી. ગુપ્તા | કમિશનર આરોગ્ય | વધારાનો ચાર્જ આરોગ્ય સચિવ તરીકે |
| રાજીવ ગુપ્તા | અગ્ર સચિવ પ્રાથમિક શિક્ષણ | અગ્ર સચિવ શ્રમ અને રોજગાર |
| એસ. કાવુન્ગો | અગ્ર સચિવ શ્રમ અને રોજગાર | અગ્ર સચિવ પ્રાથમિક શિક્ષણ |

## ધારાસભ્ય નલિન કોટડીયા ક્રાઈમ બ્રાંચમાં હાજર થયા

### ભૂતપૂર્વ મુખ્યમંત્રીનો ભ્રષ્ટાચાર દબાવવા માટે મારી સામે સરકાર દ્વારા કેસ કરાવાયો છે : કોટડીયાની પ્રતિક્રિયા

અમદાવાદ, તા.૧૨

ધારાસભ્ય નલિન કોટડીયા આજે ખંડણી પ્રકારમાં નિવેદન આપવા માટે ક્રાઈમ બ્રાંચ પહોંચ્યા હતા. હાઈકોર્ટ દ્વારા ધારાસભ્ય નલિન કોટડીયાનું ક્રાઈમ બ્રાંચ સમક્ષ હાજર થઈ પોલીસને તપાસમાં સહકાર આપવા અંગે આદેશ આપવામાં આવ્યો હતો. આ અંગેના આદેશ બાદ ધારાસભ્ય નલિન કોટડીયા જ્યારે ક્રાઈમ બ્રાંચ પહોંચ્યા ત્યારે ત્રણ કલાક સુધી કોટડીયાના નિવેદન લેવાની પ્રક્રિયા

● અનુસંધાન પાન-૭ પર








